# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ખોટા શિર્ષાસન કરીને સૌથી હસાયા છે,
ઉપજતું કંઇ જ નથી, હવે રિસાયા છે
ઘસાયા છે 'યોગગુરૂ'ની કારકિર્દીમાંથી -
એ રાજકારણની 'ગંગોત્રી'માં ફસાયા છે.
(બાબા રામદેવ ને ૪૦૦ બાળકો)

**હાઈકુ**

વરસવાનો -
સરકારની જેમ
કરે છે 'ડોળ'

રમત હવે,
થઇ ગઈ જુગાર -
ધનિકો માટે..

## ચિંતન

**યથા દેશ સ્તથા ભાષા યથા રાજા તથા પ્રજા । યથા ભૂમિ સ્તથા તો યં યથા બીજં તથા અંકુરઃ ॥**

જેવો દેશ તેવી બોલી, જેવો રાજા તેવી પ્રજા, જેવી જમીન એવું પાણી, અને જેવું બીજ એવું અંકૂર હોય છે.

ભારત અને પાકિસ્તાન એક જ માતાનાં સંતાન છે છતાં ત્યાં લોકશાહી નથી અને એના વિભાજનથી દેશ અને દેશની પ્રજાને શોષણકર્તા શાસકકર્તા મળ્યા છે. 'સરમુખત્યારી' પાકિસ્તાનનો સ્વભાવ છે. કાયદા-ન્યાય-કોર્ટ ગુલામ છે. વડાપ્રધાન - પ્રમુખ છેવટે 'ફાંસી'થી અંત પામે છે. આવા રાજાઓની પ્રજા પણ કટ્ટર અને આતંકને ઉછેરનારી જ હોય ને?

ખારી જમીનમાં ખારું પાણી, જેવું વાવો તેવું લણો 'આ બધાં આ જ વિચારને પુષ્ટિ આપતી કહેવતો છે.'

કુળ-ગોત્રનાં સંસ્કાર દ્વારા જ ચારિત્ર્યનું ઘડતર થાય છે. ભારતની આટલી મોટી લોકશાહીના મૂળમાં, પ્રાચીન ઋષિ સંસ્કારનું લોહી વહે છે. આપણા વડાપ્રધાન લોકશાહીના મંદિર જેવી સંસદમાં માથું ટેકવી નત મસ્તકે પૂજ્યભાવથી પ્રથમવાર પ્રવેશ કરે એ આપણા લોહીના સંસ્કાર છે.

## સુવિચાર

- દરેક મોટો માણસ બાળકની જેમ હસવાનું ઇચ્છે છે પણ શીખી શકતો નથી, કારણ કે બાળકના હાસ્યને અન્યાયની સમજ કે અહેસાસ નથી કે બાળક પાસે કોઇ એવી બુદ્ધિ નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- પોતાની નમ્રતાનું અભિમાન કરવું તેનાથી વધુ નિંદાજનક દુનિયામાં કંઇ નથી **- સંત રોબિન**
- પલળી જવું અને ભીંજાઇ જવું એ બેમાં ફરક છે સમયને માણવા માટે ક્યારેક સરન્ડર પણ થઇ જવું. એટલું કંઇ જ પકડી ન રાખો કે તમે એનાથી છુટી જ ન શકો **- ગુણવંત શાહ**
- આગ કો પતંગોને ખેલ સમજ રખ્ખા હૈ, સબ કો અંજામ કા ડર હોય યે જરૂરી તો નહીં **- ઝરીના સાની**
- જરૂર પડે તો હસવાનું દબાવી રાખજો, પણ રડવાનું કદાપિ દબાવી રાખતા નહીં, રડવાથી દિલ પર જામી પડેલો થર ઘણીવાર ઓગળી જતાં હોય છે **- જાપાની કહેવત**
- જે માણસની રાત અજંપામાં નિંદર વગરની જતી હોય તેણે પોતાના દિવસનું તટસ્થપણે પૃથ્થકરણ કરવું જોઇએ **- ચંદ્રકાન્ત બક્ષી**
- પ્રેમની પરખ ત્યારે થાય છે જયારે આપણે જેમને પ્રેમ કરતા હોઇએ એ વ્યક્તિ હતાશ, ઉદાસ હોય, માત્ર પ્રેમ જ એવી તાકાત છે જે એ વ્યક્તિને પાછો બેઠો કરી શકે **- માનસસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ સ્ત્રીની છેડતી-અપમાન-શોષણ-અપહરણ-બળાત્કાર એ રોજિંદી ઘટના થઇ ગઇ છે. એનું ખાસ અને મોટું કારણ છે સ્ત્રી-સન્માનની ભાવના આપણા સંસ્કારમાંથી લગભગ મરી પરવારી છે; એનું મહત્ત્વનું - મુખ્ય કારણ છે. ટીવીની વિકૃત જાહેરાતો અને ફિલ્મી આઇટમ સૉંગ શૂટીંગ વખતે સ્ત્રીઓને થતું હશે એમને કોઇ જોતું નથી. પણ ભાવિ પેઢીઓની પેઢીને એ સંસ્કાર અંધ બનાવતી હોય છે. સ્ત્રી સન્માન સાચવવું સ્ત્રીઓ, સમાજ અને રાજયની બાબત છે.

નેપોલિયનમાં સન્માનની ભાવના પ્રબળ હતી. સ્ત્રીઓ ભાવિ નાગરિકો ઘડવા માટેની સંસ્કાર દાત્રી છે એમ તે માનતો.

બોનાપાર્ટે પોતાના 'ટ્રાઇલેરિસ' નામના મહેલમાં સુંદર સ્નાનાઘર બનાવવાની સૂચના આપી. ઇજનેરોએ અદ્યતન સ્નાનાગાર બનાવ્યો. અને દિવાલો પર સ્ત્રીઓનાં અર્ધનગ્ન સ્વરૂપના ચિત્રો દારવ્યા. નેપોલિયન જેવો પ્રથમવાર સ્નાન માટે ગયો કે તરત જ પાછો આવ્યો. અધિકારીને ધમકાવી આવાં ચિત્રો દૂર કરવાની સૂચના આપી. સ્ત્રીઓનાં આવાં અપમાનજનક નહીં - સ્ત્રીઓનું સન્માન થવું ઘટે - જે દેશમાં સ્ત્રીને વિલાસનું સાધન માનવામાં આવે છે એ દેશનું પતન જ થાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

## મમ્મી, પેલાં પંખીઓ દેખાય છે તને ? જો... બરાબર ધ્યાનથી જો... એ પણ તૈયાર થઈને સ્કૂલે જઈ રહ્યાં છે... કેટલું ઝડપથી ઊડે છે!! એમને પણ મોડું થયું લાગે છે, હેં મમ્મી, એ નાસ્તામાં શું લઈ જતાં હશે?' નિરાલી ધીમા અવાજે બોલી

### નટખલ નિરાલી

- પ્રજ્ઞા એ. પટેલ

**આકાશ, વાદળ, પંખી, જાય નિશાળે?**
**(બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)**

મમ્મી આખું ઘર જોઇ વળી. 'આ છોકરી કયાં સંતાઇ ગઇ છે?' બધા રૂમ, બાથરૂમ, ઉપરનાં માળની બાલ્કની, ઘરનો વરંડો... નિરાલી કયાંક જણાતી નથી. નહીં તો એ ઘરમાં હોય ને આટલી શાંતિ...!!! કંઇક ને કંઇક તોફાન - મસ્તી - અવાજ - એની વાતો - પ્રશ્નોના ફુવારા ઊડતા જ હોય.

'નિરાલી... ઓ નિરાલી... કયાં છે? શું કરે છે તું?' એની મમ્મી હવે રઘવાઇ બની હતી. થોડી વાર પહેલાં તો રસોડામાં આવીને 'ભૂખ લાગી છે...' કહી નાસ્તો લઇ ગઇ છે...

અમીબહેનને યાદ આવ્યું... હા... એના રૂમમાં જોવા દે...

'નિરાલી બેટા, કયાં સંતાઇ ગઇ છે તું? ચાલ, તારા માટે પૂરણપોળી બનાવી છે, તને ભૂખ લાગી છે ને?...' પણ... કોઇ જવાબ નહીં.

આ નિરાલીનો રૂમ છે, એને એ 'નિરાલીનું ઘર' કહે છે. એનું નાનું ટેબલ, ખુરશી, એક લાકડાનો કોટ, લાકડાનું કબાટ... ગોખલાવાળી બારી... ત્યાં એ ગોખલામાં પડદો બનાવી ત્યાં પણ નાનકડું પોતાની દુનિયાનું ઘર એણે બનાવ્યું છે, સજાવ્યું છે. માટીનાં જાત જાતનાં રમકડાં, નાના નાના સ્ટીલનાં વાસણઓ, નાનકડો હીંચકો, સરસ મજાની કપડાંની - રબરની ઢીંગલીઓ - ઢીંગલા... જાત જાતની વસ્તુઓ એણે ભેગી કરી છે... રોજ એક-બે કલાક એ ગોખલામાં ખોવાઇ જાય... એકલી એકલી કંઇક બોલતી જાય, રમતી રહે...

હળવેથી પડદો હટાવી જોયું, નિરાલી ત્યાં પણ નથી.

હં... એ માળિયે તો નહીં ચડી ગઇ હોય!!

અમીબહેને નિરાલીના કોટ પાસે મૂકેલી નાની સીડી જોઇ. હં... અને હળવેથી સીડીના નાના નાના પગથિયાં ચડવા માંડ્યાં... નિરાલીએ જીદ કરીને ખાસ એ માળિયું બનાવડાવ્યું હતું. ઘરમાં પણ નાનકડું, નિરાલીનું અલાયદું ઘર.

'ઓહ, નિરાલી તું અહીં છે? શું કરે છે બેટા? તને મેં કેટલી શોધી?'

'અરે મમ્મી, હું મારા ઘરમાં જ છું. મારા ઘરની સાફસૂફી કરું છું. જોતી નથી? તું જ કહે ને કે ઘરને ચોખ્ખું રાખવું જોઇએ? અને હા, તમે ડોરબેલ વગાડ્યા વિના મારા ઘરમાં કેમ આવ્યાં, કહો જાઉં!'

'સોરી... સોરી... પણ હું તો તમારા ઘરની બહાર છું... જુઓ.. નિરાલીબહેન, માત્ર મારું માથું જ...'

'ઠીક છે, તમે મારાં મમ્મી છો એટલે જવા દઉં છું...'

નિરાલીએ માળિયામાં ડોરબેલ પણ મુકાવ્યો છે, માળિયાની અંદર લાઇટ પણ. અમીબહેન તો માળિયામાં જઇ શકે એમ નહોતા, માત્ર ડોકિયું જ કરી શકે...

મા-દીકરી ખડખડાટ હસી પડ્યા...

'તમે તમારા ઘરમાંથી અમારા - આપણા મોટા ઘરમાં ચાલો, જમવાનું તૈયાર છે.' મમ્મીએ નિરાલીનો હાથ પકડી એને ખેંચી. નિરાલી નીચે ઊતરી. પરસેવે રેબઝેબ. મમ્મીએ સાડીના છેડાથી એનો પરસેવો લૂછ્યો.

'મમ્મી, માળિયામાં - નહીં, મારા ઘરમાં ગરમી ખૂબ લાગે છે...'

'હં, નાનકડો ફેન... હું સમજી ગઇ... પણ બેઠાં, આ તારા રૂમમાં તો ફેન છે, આ પણ તારું ઘર જ છે ને!'

'એ તો ઉપર મારું ટેડી બેર છે, એ બિચારું કહેતું'તું કે એને બહુ ગરમી લાગે છે, મને તો ચાલશે... મારી પેલી મોટ્ટી ઢીંગલી છે ને એ પણ બિચારી ગરમી સહન નથી કરતી શકતી.'

'હે ભગવાન, આ છોકરીને શું કહેવું?'

'તે મમ્મી, એમાં દાદાને કેમ યાદ કરે છે?'

'મારી ભૂલ થઇ ગઇ, બસ!'

'મમ્મી, તું જા. હું હાલ જ આવું. આ નીચેનો રૂમ જરા ઠીક કરી લઉં.' અમીબહેન ગયા. નિરાલી એનાં રમકડાં સાથે ખોવાઇ ગઇ. ઢીંગલા-ઢીંગલીને નવડાવ્યાં, તૈયાર કર્યા. એમનું જે જે નિરાલી કરે, એ બધું જ એમના માટે ફરજિયાત.

થોડીવારમાં અમીબહેન ફરી દોડી આવ્યા.

'નિરાલી... ફરી કયાં ખોવાઇ ગઇ?' એમણે જોયું તો નિરાલી એના ગોખલાની બારી પાસે બેઠી છે.

'શું કરે છે તું? સ્કૂલ જવાનું મોડું થશે.'

'સી.. સ્... સી... સ્...' નિરાલીએ પોતાના હોઠ પર આંગળી મૂકી.

'પણ શું વાત છે?' મમ્મીએ ધીમા અવાજે પુછ્યું.

'જોતી નથી, હું આકાશ સાથે વાતો કરું છું તે... મમ્મી, અહીં આવ, જો... વાદળો આજે કેટલાં સુંદર લાગે છે! જાણે પોચા પોચા રૂનો મોટો મોટો દરિયો... મોજાં ઉપર મોજાં... મમ્મી, પેલાં પંખીઓ દેખાય છે તને ? જો... બરાબર ધ્યાનથી જો... એ પણ તૈયાર થઇને સ્કૂલે જઇ રહ્યાં છે... કેટલું ઝડપથી ઊડે છે!! એમને પણ મોડું થયું લાગે છે. હેં મમ્મી, એ નાસ્તામાં શું લઇ જતાં હશે?' નિરાલી ધીમા અવાજે બોલી.

'પંખીઓની મમ્મીએ એને નાસ્તામાં નાના નાના પીઝા ભરી આપ્યા હશે... તને પણ બહુ ભાવે છે ને!'

'ના રે, પંખીઓ વળી પીઝા ખાતાં હશે?' નિરાલી બોલી.

'હા, હા, પંખીઓ તો પીઝા ન ખાય, એ તો ચોકલેટ ખાય, નિરાલીની જેમ.'

'મમ્મી તું પણ બહું ગોટાળા કરે છે. તું જ કહેતી હતી કે પંખીઓ તો અનાજના દાણા ખાય, ભૂલી ગઇ તું?'

'હા, યાદ આવ્યું, તારી વાત સાચી છે. એમણે આજે બાજરીના દાણાનો નાસ્તો લંચબોક્સમાં ભર્યો છે, બરાબર?, હે, ચાલ, તારે પણ સ્કૂલે જવાનું છે ને?' મમ્મીએ નિરાલીને તેડી લીધી.

'હા, મમ્મી, એ તો હું ભૂલી જ ગયેલી. મમ્મી, એક મિનિટ... એક જ મિનિટ...' મમ્મીની કેડેથી નિરાલીએ ઊતરતાં કહ્યું.

'વળી પાછુ શું...'

'અરે, હું મારાં ઢીંગલા-ઢીંગલીને આવજો કહી દઉં... પેલા આકાશને, વાદળને, પંખીઓને પણ આવજો કહી દઉં...'

હા મારા દોસ્તો, આપણે સાંજે મળીશું હોં... હું પણ સ્કૂલે જઇને આવું ને! સાંજે બહુ બધી વાળો કરીશું હોં...

નિરાલીએ હાથ લંબાવી - હલાવી બધાંને બાય બાય કર્યું અને મમ્મી સાથે ચાલવા માંડી.

અને ગીત - જોડકણાં વિના તો એને ચાલે જ કેમ? તે નાચકી - કૂદતી, ખભે દફ્તર ભરાવી ગાવા માંડી -

નિરાલી જાય નિશાળે
તો ઢીંગલી જાય સાથે
નિરાલી જાય નિશાળે
પંખી-વાદળ જાય સાથે
નિરાલી ખાય કેળાં
ઢીંગલા-ઢીંગલી ખાતાં ભેળાં
નિરાલીને મિત્રો બહુ
સાથે મળીને રહેતા સહુ...

# ગુજરાતમાં જુગારધારાના ૫૦ હજારથી વધુ કેસો પેન્ડીંગ : યુવા વર્ગ ઓનલાઈન જુગારના રવાડે

### વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



ગુજરાતમાં જુગાર એક સામાજીક બદી ગણવામાં આવે છે તેમ છતાં ભારતમાં સૌથી વધારે જુગાર ગુજરાતીઓ દ્વારા રમવામાં આવે છે. તાજેતરમાં બેંગ્લોર ખાતેથી જુગારધામના આખા નેટવર્કનો પર્દાફાશ થયો જેમાં ગુજરાતમાંથી વેપારીઓને ખાસ જુગાર રમાડવા બીજા રાજયોમાં લઈ જવામાં આવતા એક મોટા જુગાર ટુરીઝમના ધંધાનો વિકાસ થયો છે છેલ્લા બે વર્ષમાં જુગારના કુલ ૧૪૦૦૦ થી વધારે કેસોમાં ૧૭ કરોડથી પણ વધારે રોકડ સહિત ૫૦ કરોડથી વધારેથી મિલ્કતનો જુગાર ધારાની કલમ ૪,૫ અને ૧૨ અન્વયે ગુજરાત પોલીસે પકડેલ છે. ન્યાયાલયોમાં શ્રાવણ માસમાં જુગારધારાના કેસોનો સખ્ત ભરાવો થતો રહે છે. કાયદાની લાંબી આંટીઘૂંટીના કારણે ટેકનિકલ કારણોસર જુગારીઓ છૂટી જતા હોય છે તેમજ દાવપર લગાડેલી રકમ રાજયસાત કરવામાં આવે છે.

જુગારનો ઈતિહાસ મહાભારતકાળ જેટલો જુનો છે જેમાં સીવાય બરબાદી કશું જ મળતું ના હોવા છતાં દિનપ્રતિદિન જુગાર રમવાનું ચલણ વધતુ જાય છે.

હવે તો કિટી પાર્ટીઓમાં ઉચ્ચ વર્ગની મહિલાઓ પણ તીનપત્તી જુગાર રમતી થયેલ છે. જયારે યુવા વર્ગ મોબાઈલ ઉપર આખો દિવસ ઓનલાઈન જુગાર રમતા જોવા મળે છે યુવા વર્ગની સર્જનાત્મક શકિત અવળા માર્ગે વળી ગઈ છે. જુગારીનો પરિવાર પાતનાભરી જીંદગી વિતાવવા મજબુર બને છે તેમ છતાં જુગારીઓ આ લત છોડી શકતા નથી ઉલટાનું હાર્યો જુગારી બેવડુ રમે તે યુકિત કામે લાગે છે કોમોડીટી બજાર ઉપરનો સટ્ટો, વરસાદ ઉપર પણ સટોડીયા જુગાર રમે છે અને લાખો કરોડોની હારજીત પલવારમાં કરી લે છે જે સમાજ માટે ઘાતક પુરવાર થાય છે.

શ્રાવરણ માસમા તો રીતસર કલબો ખુલી જાય છે જેમાં ઉઘાડેછાક જુગાર રમાડવામાં આવે છે જુગારીઓને લેવા મુકવા તથા ખાવા પીવા શુધ્ધાની વ્યવસ્થા આવી કલબો પુરી પાડે છે.

સૌરાષ્ટ્ર, વાવ, ડિસા અને ભાભર તથા ઉત્તર ગુજરાત સટ્ટાઓનું એપીક સેન્ટર ગણાય છે.

અમદાવાદમાં જ સ્પેશ્યલ જુગાર રમવા માટે રાજયના જુદા જુદા સ્થળેથી લોકો ખાસ આવતા હોય છે પોલીસે દરોડાપાડી એક ૧૦૦ કે ૨૦૦ જુગારીઓ કરોડોના મુદ્દામાલ સાથે ઝડપ્યા હોય તેવા કિસ્સા અવારનવાર બહાર આવે છે માત્ર અમદાવાદ જીલ્લા પોલીસે જુગારના ૨૦૧૪ માં ૪૨૧ જેટલા કેસો નોંધયા છે અને ૧,૭૩,૨૧,૫૬૭ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા છે.

એકતરફ પોલીસની રહેમ નજર તો બીજી બાજુ અદાલતોમાં કેસોનો ભરાવો થતા વર્ષોથી સાક્ષી પુરાવાના અભાવે કેસો પેન્ડીંગ પડી રહ્યા છે તેમજ આવા કેસો જુગારીઓ દ્વારા ગુન્હો કબુલવામાં આવે તો પણ ઓછા દંડના કારણે દંડ ભરી જુગારીઓ છુટી જાય છે. જુગાર ધારા કલમ ૪,૫ મુજબ આવા કેસોમાં જામીનની સત્તા પોલીસને જ હોય તોડપાણી કરી પોલીસ સ્ટેશનથી જ જુગારીઓ છુટી જતા હોય છે એટલે કાયદાની બિકના હોવા ના કારણે આ બદી દિવસે દિવસે વધુને વધુ ફુલીફાલી રહી છે.

૫૦,૦૦૦ થી વધારે કે પેન્ડીંગ કેસોમાં ૪૨૩૮ કેસોનો ૧૦ વર્ષ કરતા પણ વધારે સમયથી ગુજરાતની જુદી જુદી અદાલતોમાં ચાલે છે જેનો નિર્ણય ૩૧/૫/૨૦૧૪ સુધી આવી શકેલ નથી હાલમાં શ્રાવણ માસ શરૂ થતા જ આ કેસોમાં ઝડપી વધારો થતો રહેશે પોલીસે પોતાની કામગીરી દર્શાવવા માટે સમાજમાં દાખલો બેસાડવા માટે તથા પોતાનું નાક બચાવવા માટે પણ મોટી રેડપાડી મોટી રકમનો મુદ્દામાલ જપ્ત કરવો પડશે.

યુવા વર્ગ ઓન લાઈન જુગારના રવાડે ચઢયો છે જેમાં પોતાનું ગૃપ સિકોકટ કરી મોબાઈલમાં જ બેલેન્સ કરાવી તિનપત્તી જુગાર રમતા હોય છે જેમાં પકડાવવાનો ડર નહિવત હોય આ બદી હાલમાં ખુબ જ ફુલીફાલી છે જેના ઉપર ગુજરાત પોલીસનું સાયબર સેલ ત્વરીત પગલા નહી ભરે તો ગુજરાતના યુવાનોની સર્જનાત્મકતા અને વિકાસ ખતમ થઈ જશે જેનું પરીણામ આવનારી પેઢીને ભોગવવું પડશે સાયબર ક્રાઈમની ફરીયાદો યુવા વર્ગ ઉપર કરી દંડ તથા કેદની સજાની જોગવાઈમાં સુધારો કરવોએ સમયની માંગ છે.

# જન્મી રહ્યા છે - દંતશૂળ વગરના હાથી

### વન્યસૃષ્ટિ પરિચય

- હેમંત સુથાર



પૃથ્વી પરનું સહુથી વજનદાર મોટું સસ્તન પ્રાણી આજે એક નવી સમસ્યાનો સામનો કરી રહ્યું છે. હા... છેલ્લા કેટલાક સમયથી દંતશૂળ - મોટા દાંત વગરના નર હાથીઓ જન્મી રહ્યા છે.

વિશ્વમાં હાલમાં ત્રણ પ્રકારની હાથીઓની જાતિઓ જોવા મળી રહી છે તેમાં આફ્રિકન સવાના, આફ્રિકન ફોરેસ્ટ અને એશિયાઇ હાથીઓનો સમાવેશ થાય છે. આફ્રિકન સવાના અને આફ્રિકન ફોરેસ્ટ બંને હાથીઓની જાતિઓમાં નર (હાથી) અને માદા (હાથણી) બંનેને દંતશૂળ (ટસ્ક) હોય છે. જયારે એશિયાખંડના દેશોમાં જોવા મળતાં એશિયન હાથીઓમાં ફક્ત નર હાથીને દંતશૂળ હોય છે. માદા હાથીમાં દંતશૂળ જોવા મળતાં નથી.

દંતશૂળ ને અંગ્રેજીમાં ટસ્ટ (Tusk) કહે છે અને આવા હાથીદાંત ધરાવતાં નરને ટસ્કર (Tusker) કહેવામાં આવે છે.

પ્રાચીન કાળનાં પ્રાપ્ત હાથીના જીવાષ્મિઓ દર્શાવે છે કે હાથીને ઘણાં સમયથી લાંબા બે દાંત હતા. આજે પણ આવા દાંત કેટલાંકમાં ૧૦ ફૂટ સુધીની લંબાઇ અને ૩૯ કીલો જેટલા વજનના મળી આવ્યા છે. હાથીના ઇનસીઝર (કતરણ) પ્રકારના ઉપલાં જડબામાંથી વધેલા આવા બે દાંત હાથીને સામાન્ય રીતે વૃક્ષોની ખાવા માટે છાલ ઉપાડવામાં મદદરૂપ બને છે. તેનાથી વૃક્ષોના મૂળ પણ ખેંચી કાઢે છે. બે હાથીઓની માદાની પસંદગી સમયની કે જે તે વિસ્તારના પ્રભુત્વ મેળવવા માટેની લડાઇ દરમિયાન તે ઉપયોગી બને છે. જમીન પરના સોલ્ટનો ઉપાડવામાં અનો જમીનમાંથી પાણી કાઢવા માટે જમીન ખોદવામાં તે ખુબ જ ઉપયોગી બને છે. હાલમાં પેદા થઇ રહેલાં દંતશૂળ વગરના હાથીઓ માટે દાંત ન હોવાને કારણે આવા કાર્યો કરવા કઠિન બની રહ્યા છે.

વૈજ્ઞાનિકો દંતશૂળ વગરના હાથીઓ જન્મી રહ્યા હોવા માટેના કારણોમાં મુખ્ય કારણ માનવો દ્વારા દાંતવાળા હાથીઓના થઇ રહેલાં બેફામ શિકારને કારણભૂત માને છે. વાઇલ્ડ લાઇફ કન્ઝર્વેશન સોસાયટીના એક અંદાજ પ્રમાણએ દર વર્ષે ફક્ત આફ્રિકામાં ૨૫૦૦૦ જેટલા હાથીઓનો શિકાર તેના દાંત માટે થાય છે. વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૧ દરમિયાન આફ્રિકાના જંગલોમાંથી આ કારણે ૬૨% જેટલા હાથીઓ નષ્ટ થઇ જવા પામ્યા છે. જે હાથીઓ હાલ જીવિત છે તે પૈકીના ૧૦ % હાથીઓ જ પુખ્ત છે.

આપણા ભારત દેશમાં એશિયાઇ હાથીઓમાં ઉત્તર-પૂર્વીય ભારતના રાજયોમાં હાલમાં ૬૦ % જેટલા નર હાથીમાં દંતશૂળ વગરનાં છે. વર્ષ ૧૯૯૫માં ક્રીરિયયન આલબ્રેચેટસ્ યુનિવર્સિટી, કેઇલ, જર્મનીના વૈજ્ઞાનિકોએ કરેલા એક અભ્યાસ પ્રમાણે અગાઉના સમયમાં ઉત્તર - પૂર્વીય ભારતમાં દંતશૂળ વગરના હાથીઓ જવલ્લે જ જોવા મળતાં હતા. જે વર્ષ ૧૯૫૦માં ૪૮.૭ ટકા અને વર્ષ ૧૯૭૦માં ૨૦ વર્ષ બાદ ૬૦ ટકા નરહાથીઓ દંતશૂળ વગરના જોવા મળ્યાં હતા. આસામ રાજયમાં પણ વર્ષે ૧૯૯૩માં ૬૨ ટકા જેટલા દંતશૂળ વગરના હાથીઓની સામે વર્ષ ૨૦૦૮માં તેનું પ્રમાણ ૭૬ ટકા જેટલું નોંધાયું છે. આથી નોંધ વનવિભાગ દ્વારા પ્રકાશિત 'એલીફન્ટ ઇન આસામ' નામની ભૂપેન્દ્રનાથ તાલુકદાર દ્વારા લિખિત પુસ્તકમાં કરવામાં આવેલ છે.

તેની સરખામણીમાં દક્ષિણ ભારતમાં હાલમાં દંતશૂળ વગરનાં ૧૦ ટકા જ હાથીઓ જોવા મળે છે. આ માટેનું એવું કારણ મનાય છે કે વર્ષ ૧૯૭૦થી લઇને ૨૦૦૦ દરમિયાનના ૩૦ વર્ષોમાં દક્ષિણ ભારતમાં નર હાથીઓને મારવાનું પ્રમાણ વધુમાં વધુ હતુ. તેથી તેની અસર એક જ પેઢી પર થવા પામેલ હોઇ દંતશૂળ વગરના હાથીઓ જનીનિક બદલાવ ઝડપી ન હોઇ મોટા પ્રમાણમાં જોવા મળ્યો નથી.

છેલ્લા ૧૦૦૦ જેટલા વર્ષોથી દંતશૂળ વાળા (ટસ્કર્સ) હાથીઓને હાથી દાંત માટે અને યુદ્ધમાં ઉપયોગમાં લેવા માટે મોટા પ્રમાણમાં મારી નાંખવામાં કે જંગલમાંથી દૂર કરવામાં આવ્યા હતા. આ કારણે દંતશૂળ ધરાવતાં જનીનિક ક્ષમતાવાળા હાથીઓનો અભાવ ઊભો થવા પામેલ હતો. તેનું માનવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કોઇ ઉત્ક્રાંતિમાં કોઇ કારણ હોવાનું હજુ આધારભૂત રીતે જાણી શકાયું નથી.

પડોશી દેશ ચીનમાં પણ એશિયાઇ હાથી જોવા મળે છે ત્યાં પણ દંતશૂળ વગરના હાથીઓની સંખ્યા ઘટી રહી છે. તેમાં પણ વધુ ચિંતાજનક વાત એ છે કે નરહાથીઓની સંખ્યા ચીનમાં બે થી ચાર હાથણીએ એક થઇ જવા પામી છે. આપણાં દેશમાં આ આંકડો વધુ ચિંતાોજનક છે. આપણે ત્યાં દર ૧૦૦ હાથણીએ એક જ નર હાથીનો થઇ જવા પામ્યો છે. ચીનમાં અગાઉ ૨ થી ૫ ટકા દંતશૂળ વગરનાં હર હાથી જોવા મળતા હતા તેનું પ્રમાણ ૫ થી ૧૦ જેટલું થવા પામ્યું છે. અન્ય પાડોશી દેશ શ્રીલંકામાં ૯૮ ટકા જેટલા નર હાથીઓ દંતશૂળ વગરના છે. તે એક આશ્ચર્યજનક અને રહસ્યમય હકીકત છે.

દંતશૂળ વગરના હાથીઓને મખના (Makhana) કહેવામાં આવે છે. અગાઉ જોયું તેમ આફ્રિકામાં નરમાં ૯૯.૯ ટકા અને માદામાં ૯૮ ટકા હાથી-હાથણીઓને દંતશૂળ છે.

એશિયાઇ હાથીઓમાં આટલી મોટી સંખ્યામાં દંતશૂળ ન હોવા માટેનું કારણ સોધવા માટે વૈજ્ઞાનિકો મથી રહ્યા છે. પરંતુ એક વાત નક્કી છે કે માનવો દ્વારા થઇ રહેલ વિવિધ વન્ય જીવોના નિરંકુશ શિકારને કારણે આનાથી વધુ ભયાનક સ્થિતિ પેદા થનાર છે જે નિર્વિવાદ સત્ય છે.